# ઊંઝામાં શંકાસ્પદ ભેળસેળનો ત્રણ લાખની વરીયાળીનો જથ્થો જપ્ત

ઊંઝા, તા. ૮

ઊંઝા નજીકના મક્તુપુર ગામે હાઈવે પર આવેલ એક ક્લીનિંગ ફેક્ટરીમાં વરિયાળીમાં અખાદ્ય પદાર્થોની થતી કથિત ભેળસેળ અંગે ઊંઝા પોલીસે અચાનક તપાસ કરી અંદાજે પોણા ત્રણ લાખની કિંમતનો વરિયાળીનો કથિત ભેળસેળયુક્ત શંકાસ્પદ જથ્થો સીજ કરી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર મારફતે નમૂનાઓ લેવડાવી પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપેલ છે.

વિગત એવી છે કે, ઊંઝા નજીક મક્તુપુર ગામની સીમમાં હાઈવે પર ઊંઝામાં પટેલ ધર્મેન્દ્રકુમાર અંબાલાલના કલમ ભોગવટાની ક્લીનિંગ ફેક્ટરી આવેલ છે. આ ફેક્ટરીમાં વરિયાળીના માલમાં અખાદ્ય પદાર્થોની ભેળસેળ થાય છે તેવી બાતમીના આધારે ઊંઝા પો.સ.ઈ. એસ.બી. ઝાલાએ સ્ટાફ સાથે અચાનક રેડ કરી હતી. જ્યાં ફેક્ટરીમાં તપાસ કરતાં વરિયાળી, વરિયાળીનું ભુસુ ભરેલ બોરીઓ, લીલો રતાશ પડતા સફેદ રંગનો પાવડર, ક્લીનિંગ ચારણો અને મશીન મળી આવ્યા હતા. સદર જગ્યાએ વરિયાળીમાં લીલારંગની ભેળસેળ થતી હોવાનું માલુમ પડતાં પોલીસે આ વરિયાળીના નમૂના લેવા મહેસાણા ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓને જાણ કરી હતી.

જેથી અધિકારીઓએ સ્થળ પર આવી વરિયાળીના જથ્થા પૈકી વરિયાળી ભરેલ ડબલ દિપક બ્રાન્ડના માર્કાવાળી બોરી નંગ-૪૦માંથી તેમજ માર્કા વગરની વરિયાળી ભરેલ ૫૦ બોરીઓમાંથી અને લીલારંગના પાવડર ભરેલ થેલીમાંથી સેમ્પલ માટે નમૂનાઓ લઈ સદર વરિયાળઈનો જથ્થો તથા રંગનો જથ્થો સીઝ કર્યો હતો. જ્યારે સ્થળ પરથી રતાશ પડતો ૧૦ કિલો પાવડર અને ૧૫ કિલો સફેદ પાવર વરિયાળી સાથે કનેક્ટેડ ન હોઈ તેનો સ્થળ પર નાશ કર્યો હતો. આમ સદર જગ્યાએથી અંદાજે પોણા ત્રણ લાખની કિંમતની મત્તાની વરિયાળીની ૯૦ બોરીઓનો શંકાસ્પદ જથ્થો સીઝ કરી ઊંઝા પોલીસે જાણવા જોગ નોંધ કરી તપાસ હાથ ધરી છે. લેબોરેટરીમાં મોકલાયેલ નમુનાના પૃથ્થકરણનો અહેવાલ આવ્યા બાદ આગળની વધુ કાયદેસરની કાર્યવાહી થશે તેમ જણાય છે.

# સંતો, મહંતો અને આચાર્યોના લીધે ભારતની મહેક પ્રસરી છે

## મુખ્યપ્રધાન રૂપાણી તેમજ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું ભંડારા મહોત્સવમાં ભવ્ય સ્વાગત કરાયું

વિસનગર,તા.૮

મહેસાણા જિલ્લાના ખાતે પરમપૂજ્ય આધ્યાત્મિક બ્રહ્મનિષ્ઠ બ્રહ્મશ્રોત્રિય સદગુરૂ બ્રહ્મલિન મહંત ૧૦૦૮ ગુલાબનાથજી બાલકનાથજીના ભંડારા મહોત્સવમાં ઉપસ્થિત મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતની ભૂમિ સંતો અને શૂરાઓની ભૂમિ છે સંતોના કર્મઠ ધાર્મિકતાના કારણે રાજ્યમાં આધ્યાત્મિકતા ચેતના પ્રસરી છે. રાષ્ટ્રના વિકાસમાં રાજદંડ અને ધર્મદંડ સાથે રહેવો જોઈએ જેમાં ધર્મ દંડ એટલે સત્ય, ન્યાય, નિતી આધારે રાજધર્મનું પાલન થવું જોઈએ. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર સમગ્ર દેશને ભરોસો છે. આજે ઉત્તર પ્રદેશ ઉત્તમ પ્રદેશ બન્યું છે. દુનિયાભરના ઉદ્યોગપતિઓના પગલે આજે વિકાસની ગતિ તેજ બની છે. ઉત્તર પ્રદેશ ભારતનો આત્મા છે તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉમેર્યું હતું કે, ભારતમાં મહાપુરુષોના ઈતિહાસ અને આધ્યાત્મિક ચેતના સાથે વિશ્વગુરૂ બનવા તરફ પ્રયાણ કરી રહ્યો છે. રાજ્ય સરકાર સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કરીને કામ કરી રહી છે. રાજ્યમાં ગૌ હૌ હત્યા નિષેધ પ્રતિબંધનો કડક કાયદો લાવેલ છે તેમ જણાવી આગામી ૨૦૧૯માં જુનાગઢમાં યોજાનાર કુંભ મેળામાં સૌને આમંત્રણ પાઠવ્યું હતું. ઉત્તર પ્રદેશ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે, ગુજરાત ધર્મની ધરતી છે આ ધરતીની માટીને વિશેષ પ્રભાવ રહેલો છે. રાષ્ટ્ર જ્યારે પણ સંકટમાં આવ્યું ત્યારે ગુજરાતે મહાત્મા ગાંધીજી, સરકાર પટેલ જેવા મહાપુરૂષો આપ્યા છે. આજે પણ ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત પ્રતિબધ્ધતા સાથે આગળ વધી રહ્યો છે.





# નિયમ વિરૂદ્ધ ફી ઉઘરાવતા ટ્રસ્ટીઓ સામે બરતરફ કરાયેલા સ્કૂલ પ્રિન્સિપાલ મોના રાવલના પ્રતિક ઉપવાસ

અમદાવાદ, તા. ૮

અમદાવાદ શહેરના ઘાટલોડીયા સોલારોડ વિસ્તારમાં આવેલી કે.આર.કે. વર્મા સ્કૂલના સંચાલકો નિયમ વિરુધ્ધ વાલી અને વિદ્યાર્થીઓને ન્યાય મળે તે હેતુથી આંદોલનની શરૂઆત કરી છે.

કે.આર.કે. વર્મા સ્કૂલના પ્રિન્સિપાલ મોના રાવલે આ સંદર્ભે ટ્રસ્ટીઓ સત્યપાલ મીગલાની અને ક્રિષ્ન મોહન જુનેજા દ્વારા દબાણ કરવામાં આવતું હતું. જેને લઈ સ્કૂલ સંચાલકો સાથે સંઘર્ષ ચાલી રહ્યો હતો. જેથી કંટાળીને મે




વધારાની એડમિશન ફી વસૂલવા દબાણ કરતા હોવાના સંદર્ભે આજરોજ નવરંગપુરા ખાતે મહિલા પ્રિન્સિપાલ મોના રાવલે ગાંધીચિંધ્યા માર્ગે એક દિવસના પ્રતિક ઉપવાસ ઉપર ઉતરીને જણાવ્યું હતું કે સરકારના એફઆરસી નિયમ મુજબ કરાવેલ એફિડેવિટ કરતાં વધુ ફી ગુજરાતી માધ્યમમાં રૂ. ૫૦૦૦ અને અંગ્રેજી માધ્યમમાં રૂ. ૭૫૦૦ ગેરકાયદેસર ફી ઉઘરાવવા સ્કૂલના રાજીનામુ આપી ખાનગી સ્કૂલો સામે લડત ચલાવી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓન ન્યાય અપાવવા આજના એક દિવસના પ્રતિક ઉપવાસના આંદોલનની શરૂઆત કરી છે.

# પદયાત્રીઓની સલામતી માટે હવે પગદંડી બનાવાશેઃ રૂપાણી

ગાંધીનગર,તા.૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિવિધ ધર્મોના યાત્રાધામોની પગપાળા યાત્રાએ જતા પદયાત્રીઓની સલામતિ માટે પગદંડીઓની નિર્માણ કરવાની નેમ વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, આ પગદંડીનો પાયલોટ પ્રોજેક્ટ ૨૫૦ કરોડના ખર્ચે પાલિતાણાથી વલભીપુર વચ્ચે હાથ ધર્યો છે તે આ વર્ષે પૂર્ણ કરાશે. રાજ્ય સરકાર સર્વધર્મ સમભાવ અને જસ્ટીસ ટુ ઓલ અપીઝમેન્ટ ટૂ નન માટે પ્રતિબદ્ધ છે એમ તેમણે અમદાવાદમાં જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન અને જૈન ઈન્ટરનેશનલ વૂમન ઓર્ગેનાઈઝેશનના અમદાવાદ ચેપ્ટરનો ભવ્ય શુભારંભ કરતા જણાવ્યું હતું. વિજય રૂપાણીએ જણાવ્યું કે, આજે સમાજની એકતા તોળવાની પ્રવૃત્તિઓ થઈ રહી છે તેનાથી દુર રહી સૌને સાથે લઈ સૌના સાથ, સૌના વિકાસને સાકાર કરીએ. દરેક સમાજમાં સંગઠનનો ઉપયોગ છેવાડાના માનવી અને જરૂરીયાતમંદ લોકોના ઉત્કર્ષ માટે થાય તેવી હૃદયસ્પર્શી અપીલ તેમણે કરી હતી. તેમણે કહ્યું કે, વિવિધ સમાજ સેવાભાવી સંસ્થાઓ સેવા માટે આગળ આવતી હોય ત્યારે સ્વને બદલે સૌનો વિચાર કરી સમાજનું ઋણ અદા કરવું આજની નિતાંત આવશ્યકતા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તારંગા હિલના પ્રોજેક્ટનો રિવ્યુ કર્યો છે. રાજ્યમાં બુદ્ધિસ્ટ સર્કિટનો વિકાસ કરવામાં આવી રહ્યો છે અને તે દ્વારા બધા ધર્મોના સ્વિકાર સાથે સર્વધર્મની ભાવના સાકાર કરતા બધા તીર્થસ્થાનો જીર્ણોદ્ધાર કરવામાં આવશે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાત ઈન્ફાસ્ટ્રકચરની દ્રષ્ટિએ તો દેશમાં નં.૧ છે જ પરંતુ, રાજ્યમાં આધ્યાત્મિક ચેતના જીવંત રહે, જીવો અને જીવવા દો જ નહીં પરંતુ બીજાના જીવન માટે મરી મીટવાની જીવમાત્રની ચિંતા કરી દયા, કરુણા અને અનુકંપા સાથે ગુજરાત આગળ વધી રહ્યું છે.

# બનાસડેરી દ્વારા દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## બનાસકાંઠાની પ્રજા સુખી થાય તેવા ધંધા વિકસાવી રહ્યા છીએ : શંકરભાઈ ચૌધરી

ગુજરાત કો. ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને બનાસ ડેરીના સંયુક્ત ઉપક્રમે વાવ અને થરાદ તાલુકાઓનો દૂધ દિન ઉજવણી અને મહિલા જાગૃતિ કાર્યક્રમ થરાદ શીત કેન્દ્ર ખાતે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. દૂધ ઉત્પાદક બહેનોને સંબોધતા ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે દૂધના વ્યવસાયમાં પણ હવે ચીલા ચાલુ ટેકનોલોજી નહીં ચાલે એટલે બદલાતા સમય સાથે તાલ મિલાવવો પડશે. વિશ્વ ખૂબ ઝડપભેર આધુનિક ટેકનોલોજી સાથે આગળ વધી રહ્યું છે અને જેમાં ડેરી ઉદ્યોગ ક્ષેત્રે વિશ્વના કેટલાક દેશે અગ્રહરોળની ટેકનોલોજી વિકસાવી છે. બનાસકાંઠાના દૂધ ઉત્પાદકો પણ આધુનિક ટેકનોલોજી સાથે જોડાય તે માટે બનાસ ડેરી તરફથી તમામ પ્રકારના પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. દુનિયામાં ડેરીને લગતી ટેકનોલોજી પૂરી પાડવા માટે બનાસ ડેરી કટિબદ્ધ છે. બનાસકાંઠામાં લીલા ઘાસની ખૂબ જ અછત વર્તાતી હોય છે પરંતુ અત્યંત આધુનિક હાઈડ્રોપોનીક પદ્ધતિ અપનાવીને ગુણવત્તાયુક્ત ઘાસનું વાવેતર કરીશું તેના લીધે દૂધ ઉત્પાદકોને ઓછા દરે ઘાસ મળી શકશે તેના લીધે પશુપાલન વ્યવસાયના ખર્ચમાં ઘટાડો થશે. દૂધ ઉત્પાદકોએ દૂધની ગુણવત્તા પર વિશેષ પ્રકારનું ધ્યાન આપવું પડશે કારણ કે બનાસકાંઠામાં દિન પ્રતિદિન દૂધના જથ્થામાં વધારો થઈ રહ્યો છે અને વર્ષ ૨૦૨૧-૨૨માં એક કરોડ લિટર સુધી દૂધ સંપાદન કરતી બનાસ ડેરી થઈ જશે, તે માટે દૂધના વેચાણ માટે દુબઈ અને તેની આજુબાજુના દેશોમાં સર્વે કરીને બજાર શોધવાની શરુઆત કરી છે, જો દૂધ ઉત્પાદકો ગુણવત્તાયુક્ત દૂધ ઉત્પાદન કરશે તો સરળતા પૂર્વક દૂધ વેચાણ માટે બજાર મળી રહેશે.




# નર્મદા એગ્રોબેઝ આઈપીઓ દ્વારા ૭.૪૯ કરોડ ઉભા કરશે

## ઇશ્યૂ ૨૮મી માર્ચ, ૨૦૧૮ના રોજ ખુલ્યો છે અને ૧૧મી એપ્રિલ, ૨૦૧૮ના રોજ બંધ થશે, કંપની એનએસઇ ઇમર્જ ઉપર લિસ્ટ થશે

કોટનસીડ, મીલકેક, કેટલફીડ અને સોયાબીન મીલના ઉત્પાદન અને પ્રોસેસિંગમાં કાર્યરત નર્મદા એગ્રોબેઝ લિમિટેડ (એનએએલ) શેરદીઠ રૂ. ૩૨ની ફિક્સ્ડ કિંમતે ૨૩.૪૦ લાખ શેર્સ ઈશ્યૂ કરીને રૂ. ૭.૪૯ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. કંપની દ્વારા ઉત્પાદિત પ્રોડક્ટ્સનો ઉપયોગ પશુ આહાર માટે થાય છે, જેમાં પ્રોટીન અને અન્ય પોષકતત્વોનું ઉંચું પ્રમાણ હોય છે. આ ઉપરાંત તેની બાયપ્રોડક્ટ્સનો ઉપયોગ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી, કન્ઝ્યુમર ગુડ્સ અને પેપર ઈન્ડસ્ટ્રીમાં કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે એનએએલ ડિલેન્ટેડ કોટનસીડ, કેટલફીડ, ગુવારમીલ, અને ઓર્ગેનિક ફર્ટિલાઈઝરનું ચુરમા અને ગાયછાપ નર્મદા પશુ આહાર બ્રાન્ડ હેઠળ ઉત્પાદન અને નિકાસ કરે છે. કંપની તેની પ્રોડક્ટ્સ, અસરકારક સેવાઓ અને વિશ્વસનીયતા માટે વિશ્વભરમાં ઓળખ ધરાવે છે અને પશુઆહાર ઉદ્યોગમાં ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ સપ્લાય કરે છે.

કંપનીના પ્રમોટર્સ સી.એ. નિરજકુમાર સુરેશચંદ્ર અગ્રવાલ અને સુરેશચંદ્ર ગુપ્તા છે અને તેઓ ૨૯,૬૫,૨૫૦ ઈક્વિટી શેર્સ ધરાવે છે, જે ઈશ્યૂના ૫૭.૧૭ ટકા જેટલો હિસ્સો થાય છે.



## ચિલોડા ખાતે ભાજપાના સ્થાપના દિવસની ઉજવણી

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક ખાતે ૬ એપ્રિલ ૩૯મો ભાજપા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ભારતીય જનતા પાર્ટીનો આજ સુધીની વિકાસયાત્રા અને ઉપલબ્ધિનો ઈતિહાસ ગાથારૂપે ચિલોડા ગામના ભાજપના સક્રિય કાર્યકરો દ્વારા પક્ષનો ખેસ ધારણ કરી ભાજપની પત્રિકાનું યુવા મોરચાના અગ્રણી જૈમિન પટેલે વાંચન કર્યું હતું. આ પ્રસંગે ભાજપાના યુવા કાર્યકરો પ્રહલાદભાઈ પટેલ, રમણભાઈ પી. પટેલ, રમણભાઈ જે. પટેલ, નટુભાઈ પટેલ, સંજય ઠાકોર, દશરથજી ઠાકોર વગેરે હાજર રહ્યા હતા.

## શ્રી સુંદર પરિવાર સંચાલિત અખંડ જીવ મૈત્રી ધામ પાંજરાપોળની ઉત્કુષ્ઠનીય કામગીરી !

દાંતીવાડા અને ધાનેરાની બોર્ડર ને અડીને આવેલ શ્રી સુંદર પરિવાર સંચાલિત અખંડ જીવ મૈત્રી ધામ પાંજરાપોળ ની કામગીરી બનાસકાંઠા જિલ્લામાં શોભનીય જોવા મળી રહી છે પાંજરાપોળના ટ્રસ્ટી શાહ ગૌતમભાઈ અને શાહ હરિભાઈ દ્વારા જણાવેલ કે આચાર્ય ભગવંત શ્રીમંત વિજય સામ સુંદર સુરેશ્વરજી ની પ્રેરણાથી આ શ્રી સુંદર પરિવાર સંચાલિત અખંડ જીવ મૈત્રી ધામ પાંજરાપોળની ૫ વર્ષ પહેલા સ્થાપના કરેલ અને સંપૂર્ણ બાંધકામ ૨ વર્ષમાં પૂર્ણ કરી ૨ વર્ષથી આ પાંજરાપોળ કાર્યરદ છે અમારી પાંજરાપોળમાં નિઃશુલ્ક દરે બીમાર પશુઓની સારવાર કરવામાં આવે છે તેમજ દરરોજ ૧૦થી ૧૫ પશુઓ ગુજરાતમાંથી અને રાજસ્થાનમાંથી સારવાર અર્થે પાંજરાપોળ માં આવે છે અને દર મહિને ૩૦-૪૦ ઓપરેશનો થાય છે તેમજ બે સજ્જન ડોક્ટર અને ૩ એલ.આઈ ડોક્ટર અને તેમની ટિમ ૨૪ કલાક સેવા આપે છે. એમ્બ્યુલન્સ ની સુવિધા પણ છે જે પાંજરાપોળના ૧૨ ચો.કીલોમીટર સેવા આપે છે.

## કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

જળવાશે, શુધ્ધ હવા મળી શકશે. શહેરોમાં વૃક્ષોની સંખ્યામાં પણ ઉત્તરોતર વધારો થતા ગ્રીનસીટી યોજનાનો ખરા અર્થમાં સ્વીકાર થશે.

રાજયની આઠ મહાનગર પાલિકા, ૨૩ શહેરી વિકાસ સત્તા મંડળો અને ૧૬૨ નગરપાલિકાઓમાં કોમ્પ્રીહેન્સીવ જીડીઆર ૨૦૧૭ માં સુધારા કરતા નાના કદના જમીન ધારકોને તેનો જે તે પરવાનગી મુજબ બાંધકામ ચાલુ રાખી શકશે તેમજ નવા જીડીઆર મુજબ તેમને ફાયદો થતો હોય તો નવા નકશા મંજુર કરાવી નવા જીડીઆરનો લાભ મેળવી શકશે ટુંકમાં નાન પ્લોટ ઉપરના બાંધકામ કરતા જમીન માલીકો અને ડેવલોપર્સને લાભ થશે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

કૂવામાં ગોઠવેલા રેંટચક્રના મધ્યભાગમાં ફસાઈ ગયાં હતાં અને માંડ માંડ બચ્યાં હતાં. વિધિએ એમને નોખો ઈતિહાસ સર્જવા માટે જ બચાવી લીધાં હોય એવું લાગ્યા વિના રહેતું નથી. બીજું, સંજય પણ એક વર્ષનો હતો ત્યારે આનંદીબહેનની પરીક્ષાના દિવસોમાં જ 'સ્ટીલની એક ચૂંક એણે મોઢાંમાં મૂકી અને એના પેટમાં ઉતરી ગઈ' એટલે હૉસ્પિટલના ફેરાની સાથે જ પરીક્ષા આપવા જવાના સંજોગો ઊભા થયા હતા. માત્ર રાજકીય કાર્યકર નહીં, માતા તરીકે આનંદીબહેન કેવી અનુભૂતિ કરતાં હતાં એ પણ અહીં સુપેરે નોંધાયું છે. નણંદે હૉસ્પિટલમાં સંજયની પડખે રહેવાનું સ્વીકાર્યું અને બહેન પરીક્ષા આપવા જતાં. 'પરીક્ષા તો હેમખેમ પૂરી થઈ. પરિણામ પણ સારું મળ્યું. માત્ર એક વિષય છોડીને બધા જ વિષયમાં પાસ થઈ ગયાં. પ્રૉફેસર થવાની એમની કલ્પના અને મહેચ્છાને સમય પૂરતી મનમાં જ ઢબૂરી રાખવી પડી. ઍમ.ઍસસી. પૂર્ણ કરવા એમણે અભ્યાસ ચાલુ રાખ્યો.'

મોહિનીબા કન્યા વિદ્યાલયનાં આચાર્ય એવાં આનંદીબહેનને રાજ્ય અને રાષ્ટ્રીયસ્તરે શ્રેષ્ઠ શિક્ષક તરીકેનું સળંગ સન્માન ૧૯૮૮-૮૯માં મળ્યું. એ પહેલાં ૧૯૮૫-૮૬માં એ ભાજપમાં સામેલ થઈ ચૂક્યાં હતાં. વડા પ્રધાન મોદીએ એમના પુસ્તક માટે પાઠવેલા સંદેશમાં નોંધેલા આ શબ્દો એમના વ્યક્તિત્વને ઉપસાવવા માટે ખાસ્સા બોલકા છે : 'એક શિક્ષક તરીકે પોતે માનવંતાં બની રહેવા ઉપરાંત રાજનેતારૂપે પણ વિચક્ષણ રહ્યાં. .' ઘણાને આનંદીબહેન કડક મિજાજનાં લાગે, પણ અમને એમના કઠોર સ્વભાવ પાછળના માયાળુ વ્યક્તિત્વનો પરિચય રહ્યો છે. એટલે જ આજે પણ ગુજરાતથી ભોપાલના રાજભવને ગયેલાં આનંદીબહેનનો ખાલીપો એના સમર્થકોની સાથે જ રાજકીય વિરોધીઓને પણ અનુભવાય છે.

haridesai@gmail.com

## લોકાર્પણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અદ્યતન આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. ટુ બી એચ કેના આ મકાનોને અનુલક્ષી દરેક બ્લોકમાં લીફટની સુવિધા, વરસાદી પાણીના નિકાલ માટે રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ પેવર બ્લોક સાથે આંતરિક રસ્તા, આવાસોના સંકુલમાં એલ ઈ ડી લાઈટની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. આવાસોનુ આજે સવારે ૧૧ કલાકે લોકાર્પણ કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના હસ્તે આવાસોનુ લોકાર્પણ કરવામાં આવશે. જયારે આ તબક્કે ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ તેમજ ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડા અને માર્ગ મકાન વિભાગના સચિવ સહીત તંત્રના અધિકારીઓ પણ હાજરી આપશે.

## બિટકોઈન... ● ત્રીજા પાનાનું ચાલુ

ટીમની રચના કરી છે. પોલીસે જપ્ત કરેલા સીસીટીવી ફુટેજ અને કેટલાક વીડિયો રેકોર્ડિંગ પરથી સ્પષ્ટ થયું છે કે, આ મામલામાં અપહરણ અને ગેરકાયદે ગોંધી રાખવાની વાત સાચી છે પરંતુ રૂ.૩૨ કરોડ હવાલાથી ટ્રાન્સફર કરાયાનું હજુ તપાસમાં સામે આવ્યું નથી. સીટ દ્વારા સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટની ફરિયાદના આક્ષેપો મુજબ, અમરેલી પોલીસના આરોપી કર્મચારીઓ અને અધિકારીઓએ ગત તા.૧૧-૨-૨૦૧૮ના રોજ તેમનું અપહરણ કરી, તેમની પાસેથી ૨૦૦ બિટકોઈન પડાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, એ વખતે રૂ.૩૨ કરોડ હવાલાથી ટ્રાન્સફર કરી આપવાની ખાતરી આપતાં તેમને પાછળથી છોડી મૂકાયા હતા. સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટે કરેલા ખુલાસા મુજબ તેના જ ભાગીદારની મદદની અમરેલી પોલીસે ગાંધીનગરમાંથી અપહરણ કર્યુ હતું. આ મામલે ફેબ્રુઆરીથી સીઆઈડી ક્રાઈમ તપાસ કરી રહી છે. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ત્રીસ કરતા વધુ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા છે. જો કે હજુ શૈલેષ ભટ્ટ પાસેથી પાંચ કરોડ રોકડ લેનાર સીબીઆઈના અધિકારી સુનીલ નાયરના મામલે સીઆઈડીએ તપાસ કરી નથી.

## વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છતાં અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસો નોંધાઈ રહ્યા છે.આજે દિવસ દરમિયાન આંશિક વાદળછાયુ વાતાવરણ રહેતા લોકોને તીવ્ર તાપથી રાહત મળી હતી. પાણીજન્ય રોગના કેસોની વાત કરવામાં આવે તો માત્ર ૩૧ દિવસના ગાળામાં જ માર્ચ મહિનામાં ઝાડા ઉલ્ટીના ૭૨૭, કમળાના ૧૯૬, ટાઈફોઈડના ૨૭૯ કેસ સપાટી ઉપર આવ્યા હતા. જ્યારે માર્ચ ૨૦૧૭માં ઝાડા ઉલ્ટીના ૬૧૬ કેસ નોંધાયા હતા. મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો માર્ચ મહિનાના ૩૧ દિવસના ગાળામાં જ સાદા મેલેરિયાના ૯૯ કેસ આ મહિનામાં સપાટી ઉપર આવ્યા છે. ઝેરી મેલેરિયાના ૯ કેસો નોંધાયા છે. આજે સૌથી વધારે ગરમીનો અનુભવ કંડલા એરપોર્ટમાં થયો હતો. જ્યાં પારો ૪૧.૫ ડિગ્રી સુધી રહ્યો હતો. હિટવેવની કોઈ ચેતવણી તંત્ર તરફથી જારી કરાઈ નથી પરંતુ ગરમીનો અનુભવ જોરદારરીતે થઈ રહ્યો છે જેથી ચક્કર આવવાના, બેભાન થવાના, પેટમાં દુખાવો થવાના, બ્લડપ્રેશરના ઈમરજન્સી કેસોમાં વધારો થયો છે. અમદાવાદમાં ઈમરજન્સી કેસોમાં સૌથી વધુ વધારો નોંધાયો છે. ગરમીના લીધે જનજીવન પણ ખોરવાઈ ગયું છે. લોકો બપોરના ગાળામાં ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. દિવસ દરમિયાન ગરમ પવનો ફુંકાઈ રહ્યા છે. અલબત્ત સાંજે આંશિક રાહત જોવા મળી રહી છે.પવનોની ગતિ અને પદ્ધતિ બદલાઈ રહી છે.હવામાન વિભાગ તરફથી એમ પણ જણાવવામાં આવ્યું છે કે, આગામી બે દિવસ દરમિયાન ગુજરાતમાં મહત્તમ તાપમાનમાં કોઈ વધારે ફેરફાર થનાર નથી. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન આંશિક રીતે વધીને ૩૯.૪ ડિગ્રી રહ્યુ હતુ. એટલે કે ગઈકાલની તુલનામાં વધારો થયો હતો. બીજી બાજુ અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૨૩.૪ ડિગ્રી રહ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ભાગોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

## વોરંટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા હતા. આ મામલાની તપાસ ઈડી અને સીબીઆઈ જેવી ટોચની સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહી છે. પીએનબીના પૂર્વ ડેપ્યુટી મેનેજર ગોકુલનાથ શેટ્ટી ઉપરાંત નિરવ મોદી અને ચોક્સીની કેટલીક કંપનીઓના અધિકારીઓની ધરપકડ કરવામાં આવી ચુકી છે. નિરવ અને ચોક્સીએ સીબીઆઈની નોટિસના જવાબમાં હાજર થવાનો ઈન્કાર કરી દીધો છે. મુંબઈમાં ખાસ કોર્ટે મોદી અને ચોક્સી સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કરવા માટે સીબીઆઈની અરજીને માન્ય રાખી છે. આ કૌભાંડમાં તપાસમાં સામેલ થવા જારી કરવામાં આવેલા બે સમન્સને આ બંને ફગાવી ચુક્યા છે. તપાસ સંસ્થાએ તેમના સત્તાવાર ઈ-મેઈલ એડ્રસ ઉપર તપાસમાં સામેલ થવા બંનેને કહ્યું હતું પરંતુ બંને ઈન્કાર કર ચુક્યા છે. આરોગ્યના મુદ્દા અને બિઝનેસ કારોબાર સાથે સંબંધિત કામને લઈને બંનેએ તપાસમાં સામેલ થવા ઈન્કાર કર્યો છે. કોર્ટ દ્વારા બીનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવતા ઈન્ટરપોલ પાસેથી બંને આરોપી સામે રેડકોર્નર નોટિસ જારી કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. સીબીઆઈએ અગાઉ ડિફ્યુજન નોટિસ જારી કરવા માટે વિનંતી સાથે ઈન્ટરપોલનો સંપર્ક કર્યો હતો. મોદી અને ચોક્સી જાન્યુઆરી મહિનામાં જ વિદેશ ફરાર થઈ ગયા હતા. આ બંને ફરાર કારોબારીના પાસપોર્ટ જપ્ત કરી લેવામાં આવ્યા છે. વિદેશ મંત્રાલય દ્વારા નિરવ મોદીની પ્રોવિઝનલ ધરપકડ માટે હોંગકોંગના સત્તાવાળાઓને વિનંતી કરી છે. નિરવ મોદી હાલમાં હોંગકોંગમાં હોવાના અહેવાલ બાદ આ વિનંતી કરવામાં આવી છે.

## કેમિકલ હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધારો થઈ શકે છે. અનેક મેડિકલ, બચાવ ટુકડી દ્વારા રસાયણ હુમલા અંગે માહિતી આપવામાં આવી છે. જો કે, આના આંકડાને લઈને તર્ક વિતર્કોનો દોર ચાલી રહ્યો છે. વિપક્ષ સમર્થક ગોતા મિડિયા સેન્ટરે કહ્યું છે કે, ૭૫થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે હજારો લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. આ રસાયણ હુમલાના ભાગરુપે તકલીફ પડી રહી છે. આક્ષેપ કરવામાં આવ્યો છે કે, હેલિકોપ્ટરથી ઝેરી નર્વએજન્ટ સરીનથી બેરલ બોંબ ઝીંકવામાં આવ્યા હતા. સિરિયન હોસ્પિટલની સાથે કામ કરનાર એક અમેરિકી ચેરિટી સંસ્થા યુનિયન મેડિકલ રીલીફે કહ્યું છે કે, દમિસ્ક રુરલ સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા ૭૦થી વધુ લોકોના મોતના અહેવાલને સમર્થન આપવામાં આવ્યું છે. સિરિયન સરકારે આ આક્ષેપોને રદિયો આપ્યો છે. સરકારી એજન્સીએ કહ્યું છે કે, આતંકવાદીઓના ગઢમાં તેમનો ખાત્મો કરવા માટે સેના આગળ વધી રહી છે. સેનાની આગેકૂચને રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે. સમાચાર સંસ્થાનું એમ પણ કહેવું છે કે, સિરિયન અરબ સેનાને રસાયણિક હુમલા કરવાની જરૂર નથી. ત્રાસવાદીઓના મિડિયામાં આ મુજબની વાત કરવામાં આવી છે.

## આમને-સામને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગણાવતા આની સામે ભારતે જડબાતોડ જવાબ આપ્યો છે. ૧૫મી માર્ચના દિવસે બોર્ડર પર્સનલ મિટિંગ દરમિયાન ચીની પક્ષ તરફથી આ બાબતને ઉઠાવવામાં આવી હતી. જો કે, ભારતીય સેનાએ તે વખતે પણ આ માંગને ફગાવી દીધી હતી. ભારતીય સેનાએ કહ્યું છે કે, આ વિસ્તાર અરુણાચલ પ્રદેશના ઉપરી સુબાનસિરી જિલ્લામાં છે અને ભારતીય સેનાના લોકો અહીં પેટ્રોલિંગ કરતા રહે છે. સુત્રોએ કહ્યું છે કે, ચીની પક્ષે આ વિસ્તારમાં ભારતીય સેનાની પેટ્રોલિંગને અતિક્રમણ તરીકે ગણાવીને આની સામે વાંધો ઉઠાવ્યો છે જેને લઈને ભારતીય સેનાએ ચીનના આક્ષેપોને રદિયો આપ્યો છે. સુત્રોનું કહેવું છે કે આસફિલામાં પેટ્રોલિંગને લઈને ચીન દ્વારા વિરોધ કરવાની બાબત ખુબ જ આશ્ચર્યજનક છે. ચીનના સૈનિકો આ વિસ્તારમાં સામાન્યરીતે ઘુસણખોરી કરતા રહે છે. ભારતીય સેના આને ખુબ જ ગંભીરતાથી લઈ રહી છે.